૭૮૬

પુંજાબાવાનાં ભજન.

સંગ્રહ કરી પ્રસિદ્ધ કરનાર—

જમાદાર બચ્ચુમીયાં ભગત

ઉર્ફે હમીદખાં નજીમખાં ગઠાકુરી

પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ—રાજગુરૂની પોળ—વડોદરા.

છાપનાર—મુલચંદ કસનદાસ કાપડિયા.

છાપવાનુ ઠેકાણુ—'જૈન વિજય' પ્રિન્ટીંગ પ્રેસ ખપાટીઆ ચકલા, તાનવાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડી—સુરત.

આવૃતી ૧ લી પ્રત ૧૦૦૦

ઈ સ ૧૯૧૫

કીં. રૂ. ૦—૧—૬

જાહેર ખબર:

દરેક મહીને પ્રગટ થતું સ્ત્રી ઉપયોગી માસિક,

વનિતા વિનોદ.

જાણીતા લેખકો અને વિદુષી બહેનોની કસાએલી કલમથી લખાયલા લેખો, કાવ્યો, ઘરગતુ બાબતો, રસિક ટુચકા, નસિહતની મણકા, સ્ત્રી ઉપયોગી જુદી જુદી બાબતો ઉપર લેખો તેમજ ટુકી ચાલુ વાર્તા વગેરેથી આ માસિક ભરપુર હોય છે

હીંદુસ્થાનમાં લવાજમ રૂ૦ ૧-૮-૦ (પોસ્ટેજ સહીત) પ્રદેશ રૂ૦ ૨-૦-૦ નમુના માટે એક ૦-૨-૬ની પોસ્ટ ટીકીટ મોકલવાથી મોકલી આપવામા આવે છે.

માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ

અધિપતિ "વનિતા વિનોદ   ગ્ટેટ.

બે બોલ.

આ પુસ્તકમાં પુંજાગાવાનાં ભજન આપવામાં આવ્યા છે. પુજાગાવા અસલ ખભાતના ખારવા-ખલાસી જ્ઞાતીના હતા, અને ભરૂચમાં ઘણે ભાગે રહેતા હતા. તેમને હજરત શાહ કાયમુદ્દીનબાવા સાહેબ જેઓ માગરોલની પીરની ગાદી-વાળા પીરજાદાઓના વડીલ થતા હતા તેમના તરફથી ન્યામત-જ્ઞાન પ્રસાદી મળી હતી કાયમદીનબાવા સાહેબ આસરે બસો વરસ ઉપર થઈ ગયા છે તેમનો રોજો વડોદરાથી સાત ગાઉ ઉપર પાદરા તાલુકાના એકલબારા ગામે છે ત્યાં જવા ડભોઈ લાઇનવાળી નાની ગાડીમાં વડોદરા પાસેના વિશ્વામિત્રી સ્ટેશનથી બેસવુ પડે છે. એ નાની ગાડી પાદરા સ્ટેશને લઈ જાય છે. જ્યાંથી એકલબારા બે ગાઉ થાય છે. પાદરે બળદ ગાડીઓ ઘણી મળે છે અને એકલબારે ભાડે આવે છે. એકલબારા ગામ ઠાકોરનું છે. ત્યાં હાલ ઠાકોર રામસીંગજી હરીસીંગજી ગાદી ઉપર હયાત છે. તેઓ પણ આ પીરની ગાદીના સેવક છે અને ઘણી સેંવા ચાકરી કરે છે.

પીર કાયમદ્દીનબાવા સાહેબની ગદ્દી ઉપર હાલ પીર મોટામીયાં સાહેબ છે. તેઓ પોતાના માગરોલ ગામમા રહે છે આ માગરોલ ગામ ભરૂચ અને સુરત વચ્ચે આવેલ કોસંબા ઝખવાવ રેલ્વે લાઈન ઉપર એક સ્ટેશન છે. ત્યા જવા કોસબા સ્ટેશને ગાડી બદલવી પડે છે. માંગરોલમા બાર મહીને પોસ સુદ બીજના રોજ એક મોટો મેળો ભરાય છે. જ્યા ઘણા દુર દુરથી લોકો આવે છે આ ગાદી હેઠળ લગભગ ત્રીશ હજાર કરતા વધારે મુરીદો-સેવકો છે તેમા ઘણા ઠાકોરો, દરબારો, અને જાગીરદારો છે. પુજાબાવા હાલના પીર મોટામીયાં સાહેબના વડીલ પીર કાયમદ્દીનબાવા સાહેબના શિષ્યોમાના એક હતા એટલે પુજાબાવાને માનનારા ખારવા—ખલાસી લોકો ખભાત, વડોદરા, અમદાવાદ, ભરૂચ, સુરત, મુબાઇ તથા જ્યા જ્યા છે તે આ પીરની ગાદીના સેવક ગણાય છે ખંભાતવાળા ગોપાળલાલ મહારાજ પણ આ ગાદીને ઘણુ માનતા હતા

પીર કાયમદ્દીનબાવા સાહેબના શિષ્યોમાં અભરામબાવા, ઉમરબાવા, નબીમીયા, રતનભાઈ, જીવણ મસ્તાન વિગેરે થઈ ગયા છે. તે સઘળા મહાપુરૂષ હતા એમ તેમની વાણી કહી આપે છે એ ભકતોનાં ભજન ઘણા છે જેમાંના કેટલાંક તો છપાઇ પણ ગયાં છે કહે છે કે કાયમદ્દીનબાવા સાહેબે એકાવન માણસોને સારી રીતે રગ્યા હતા જેમાંના

ઘણા ખરા નર્મદા અને મહી વચ્ચે રહેતા હતા. પીર કાયમદીનબાવા સાહેબ નંદરબાર તરફ ધોકડા ગામે પડદે થયા હતા. જયાંથી તેમને એકલબારા તરફ લાવવામાં આવ્યા હતા તેમના પછી તેમના ભત્રીજા પીર મોટામીયાં સાહેબ ગાદીએ આવ્યા હતા જેમણે માંગરોલમાં ગાદી સ્થાપી હતી. આ ગાદીના પીર સાહેબોના પડછાનુ પણ એક પુસ્તક છપાયુ છે જેમા મુરીદોને જાણવા જેવી ઘણી બાબતોનો સમાવેશ કરેલો છે.

પુજાબાવાનાં આ ભજન ઘણા ખરા જુની ગુજરાતી લીપીમા લખેલા હતા જેમા કેટલેક ઠેકાણે સુધારો કરી શુદ્ધ કરેલ છે.

તા૦ ૧૩-૧૨-૧૫ મગ઼઼.વા.ર   લી૦ પ્રકાશક

મુ૦ વડોદરા ઠે ગજગુરૂની પોળ.   જમાદાર બચ્ચુમીયાં ભગત

પીર કાયમદીન બાવાનાં કલામ.

પીર કાયમદીન બાવા સાહેબના કલામ-ભજનનો સગ્રહ કરી છપાવી બહાર પાડવાનુ કામ અમારા તરફથી ચાલુ છે અને આશા છે કે હવે એ કલામ ટુક મુદતમા છપાઇ બહાર પડશે. પીર કાયમદીન બાવા સાહેબની વાણી જેમણે સાભળી છે તેઓ સારી રીતે જાણે છે કે એવી વાણી બીજા કોઇની ભાગ્યેજ હશે એ વાણી એવી છે કે જેની સારા સારા જ્ઞાનીઓએ પણ સીધી રીતે કે આડકતરી રીતે મદદ લીધેલી જણાય છે. તેમનું રચિત "નુર રોશન" નામનું પુસ્તક જેમણે જોયુ છે તેઓ સારી રીતે જાણે છે કે તેમા કેવુ જ્ઞાન સમાયલુ છે તેની તારીફ કરવી એ સોના ઉપર ઢોળ ચઢાવવા બરાબર છે

પ્રકાશક

જમાદાર બચ્ચુમીયાં ભગત.

વડોદરાવાળા.

પુંજ બાવાનાં ભજન.

કાનુડો કામણગારોરે, સાહેલી એતો—એ રાગ

છે પીર અમારા સાચારે–કાયમદીન બાવા.
આપી છે મુજને વાચારે,–કાયમદીન બાવા. ટેક.

પીર મારા બીરાજો છો એકલબારે, રકની ચડો વારેરે,
કાયમદીન બાવા ૧

પથ્થરના પોઠીયાને તો ઘાસ ખવડાવી, ખરી કીયા બતાવીરે,
કાયમદીન બાવા. ૨

કોલ તો એકલબારાના ઠાકોરને દીધો, તે આપે પુરો કીધોરે,
કાયમદીન બાવા, ૩

મોટારે મોટા સાધુને આપે ઉગાર્યા, કંઇકને પલમા તાર્યારે,
કાયમદીન બાવા ૪

સેવકને ઉગાર્યો છે મહેર કરીને, મારા દુઃખડા સૌ હરીનેરે,
કાયમદીન બાવા. ૫

"પુંજાનો" સ્વામી પ્રીતે થઈ ગયો રાજી, જીતાડી રૂડી
બાજીરે; કાયમદીન બાવા. ૬

ભજન. રાગ--ગરબો.

સાખી.

સગત કીઆતો કયા ભયા હીરદે લગો નહીં ઘાવ,
પુંજો કહે ગુરૂ શબ્દ ચિનો નહીં, તો રહેગા દાવકા દાવ.

ભજન.

હું રગારી રગ ચડીઓ, કુદનમા હીરો જડીઓરે;
જેમ સાગરમા નીર ભરીઓરે, અનુભવી વરને વરીઓરે.
હુ રગારી. ૧
હાંરે ભાઇ ચીન ચૈતન બે એક થયુ, ત્યા ભરમણા સહુ
ભાગી ગયુ,
જોઉ જાગી તાળી લાગી, ત્યાં ધ્યાન નીરતર ધરીયુરેઃ
હુ રગારી. ૨
સુરત નુરત મીલકર ચાલે, પલક ગગનમા જઈ માલે;
નીરંજન સાથે નેહ લાગો, મે ભરો પ્રેમનો દરીયોરે.
હુ રગારી. ૩
ઇગલા પીંગલા સુખમણા તરવેણી જઇને તરીઆરે;

પુંજો કહે સતગુરૂ મળીયા, તારે કારજ સઘળા સરીયારે;
હું રંગારી. ૪

ભજન

(મેરે ગુરૂને દીઓ બતાઇ, દલાલીમેરે લાલનકી એ રાહ)

મેરે સતગુરૂને દીઓરે બતાઇ, અલેખ પીઆ માંહી બસે ટેક.
નાભી કમળમા નરત કરે છે, બકનાલની વચ્ચે,
સાધુ બકનાલની વચ્ચે,
અરધ ઉરધકે ઘાટમાહે, ઉન મુની ધ્યાન ધરે અલેખ ૧
ઈંગલા પીંગલા સુખમણા, ઉલટી ચાલ ધસે, સાધુ
ઉલટી ચાલ ધસે.
તરવેણીમાં તાર જો લાગ્યો, ખીસાયો નાહીં ખીસે–અલેખ. ૨
ઘનન ઘનંન નોબત વાજે, નુરતુર બરસે; સાધુ નુરતુર બરસે;
મૈદાન ચોકમેં ઝ઼ઃા ગાડા, કાલ વાકુ કીયું રે કસે–અલેખ. ૩
સુન સીખર પર સાહેબ બેઠે, દીદારહી દરસે; સાધુ. દી. દ.
દાસ પુંજો સતગુરૂ પરતાપે, નીત ઉઠી જોઇને હસે અલેખ. ૪

ભજન.

(મેરે સતગુરૂને દીઓરે—એ રાગ)

મેંતો પીઆ પાઓ અપરપાર, નિરતર ધ્યાન ધરૂ. ટેક.

જાપ અજપા ગાયત્રરી, જપતપ એહી કીયો, સાધુ જપતપ
એહી કીયો,

સુન મડલમે સુરતા લગ રહી, અમરીત રસ ઝર્યોરે,
નીરતર ધ્યાન ૧

ભાગી ભરમ ને ભાસ્યો બ્રહ્મ, ભરપુર એ ભરીઓ, સાધુ
ભરપુર એ ભરીઓ,

જન્મ મરણનુ જોખમ ટલીયું, આતમ અનુભવ વર્યોરે,
નીરતર ધ્યાન ૨

ખટ ચકરમા છેદન કીધુ, નિવૃતીને વર્યો, સાધુ નિવૃતીને વર્યો,
પચીસ ધામના મેદાન ઉપર, છવીસે મન ઠર્યોરે,
નીરતર ધ્યાન ૩

નીરભે થઇ આસન વાલી બેઠી, મરજીવો થઇને મલ્યો, સાધુ મર
દાસ પુજો સતગુરૂ પરતાપે, જોતમા જોત ભળ્યો ;
નીરતર ૪

ભજન.

(મેરે સતગુરૂને દીઓરે બતાઈ—એ ગઝ)

મેરો લાલ મે લાલ ગુલાલ, લાલનસે લાલ મીલો—ટેક.
આપો આપ આપણુમા ખેલે, ના જાણે કોઈ નીકળી,
સાધુ ના જાણે કોઇ નીકળી;
સબરસમા સબરસ થઇ રહીને, રસમા રસ ભળી લાલનસે ૧
પાચને બાધી ચારને ટાંગી, કરમ કુડો ગયો બલી;
સાધુ કરમ કુડો ગયો બલી.
નવ ધામમે નીઆરો થઈ રહીને, દશ ધામે જઇને ઠરીરે;
લાલન ૨
સુન મહાસુન મે લગ રહી દોર, વાલી નહીંરે વલી;
સાધુ વાલી નહીંરે વલી;
પારસમાં પારસ થઈ રહીને, પારો થઈને પલી; લાલનસે.
જીવ મટીને શીવ થયોરે, જલમા જલહળી, સાધુ જલમાં
જલહળી;
દાસ પુંજો સતગુરૂ પરતાપે, આવાગમન ટળી, લાલન. ૪

ભજન.

(હવેના વીસારૂરે—એ રાગ)

વાત કહેને કહીએરે, કહેવા સરખી નહીંરેજી. ટેક.
કહીએ પણ કહ્યુ ના માને કોઇ, સમજીને રહીએરે;
સમશા ગુરૂસાનમાંરેજી, હાંરે એની પોતે પોતાનું જોઈ,
વાત કેહને. ૧
પાંચરે તત્વરે તણુના એતો રૂપમાં રેજી, મુલ કમલથી ઉદે થાય;
નવ ધામમાંથીરે નવરોરે થઇ રહ્યારેજી, હાંરે એની દશ
ધામે જઇને સમાય; વાત કેહને. ૨
ઉમર એનીરે બાલીરે વેશમારેજી, હાંરે એની સહુથી
વડો રે કેવાય,
થાવર જંગમમારે થાગ આવે નહીંરેજી, હાંરે જેનાં
મન તેના ઘર જાય. વાત. ૩
સચરાચર મારે વ્યાપીક મારો વાલમો રેજી, ધરે વહાલો
નવલા નવલા રૂપ,
અનેક ભેષ કરેરે જુદી જુદી ભાતનાજી, હારે એની સહુમાં
સોહમ રૂપ, વાત. ૪
પીઉને રહેવા રે અડોલ મેડી જડીરેજી, ફરતી હીરા માણેકની હાર;
સાત છજાનેરે બે છેરે બારીઓરેજી, ત્યાંતો એની બેસે છે
નરને નાર. વાત. ૫

પીઉને પોઢણુરે પચરંગી ઢાલીઓરે, પ્રેમના પાથરણા પથરાય.
સેજ સંમારીરે સુંદર પુલનીરેજી, શોખ સલુણી ટોલે થાય.વાત. ૬
વાજાંવાજેરે અનહદ ધુનમાંરે, ત્યાંતો બેની નીત્ય
નવા રંગ થાય,
ગુંગો તો ત્યાં ગાય રે બહેરો તો સાંભરે રે, ત્યાંતો બેની
અંધો જોવા જાય. વાત. ૭
સુનના શીખરરે તુરીયા ધામમાંરેજી, ત્યાતો બેની નુર
તુર અપાર;
દાસ પુંજાએરે નુર નીહાલીયુ રે, નુર મલી નુર થયુ
નીજ સાર-વાત. ૮

ભજન.

રાગ બીલાવર.

સંસારનું સુખ શું કરૂ, રંગ લાગ્યો છે તારોજી,
વહાલો લાગે મુને વાલમોરે, મારા પ્રાણથી પીઆરોજી. ટેક
મોહનીરે શબ્દે આવી લાગી, પ્રાણ વીંધ્યો છે મારોજી;
પ્યાલો પીધોરે મેં તો પ્રેમનો, લીધો સબરસ સારોજી;
સંસાર. ૧
પારસમાંથી પરગટયો, તેને કોણ કહે નીઆરોજી,

ગુરૂ ગમની ટકશાલમાં, પાણી ગળી ગયો પારોજી; સંસાર.૨
રગ ચડીયો નવ ઉતરે, દીન દીન થાય ઘેરોજી;
દાસ પુંજો કહે પીઉ નીરખતા, મીટ ગયો અંધેરોજી;
સંસારનું. ૩

ભજન.

રાગ. પરભાત.

સુન શીખર પર નેજા ઝલકે, આપે અલખ બીરાજેરે;
અનહદ નાદ ત્યાં નોબત વાજે, સોહમ શબ્દ ત્યાં,
ગાજેરે સુન. ટેક.
ઝગમગ ઝગમગ જોતીરે ઝલકે, નુરતુંર નીશાનારે,
ગીનાની જન ત્યા ગેન કરે છે, ધ્યાની કરે બહુ
ધ્યાનારે સુન, ૧
ગુગો જાપ અજપા જપેછે, બેરો નાદ સુણાવેરે,
અંધો દરપણુ માંહી દેખે, આપસકુ ઓલખાવેરે સુન, ૨
શાહ કાયમદીન ચિસ્તી પીર હમારે, ગુરૂ અભરામે
અભેપદ દીધોરે,
દાસ પુંજાપર નહેર કરીને, પોતા સરીખો કીધોરે. સુન; ૩

ભજન.

રાગ બીલાવર.

હુ રે વણઝારી આ દેશની, ભાવે વણજ કરૂં છુંજી,
મુલ કમલમાથી પરગટી, સુનમે ધીઆન ધરૂ છુજી.-ટેક.
ઉગારો હુ નવ રાખતી, વસ્તુ સાથે વરૂ છુજી,
નવ પદર પચ્ચીસમા, છવીસમા સચરૂં છુજી હુરે વણ.૧
હીરલા ઝવેરને માણેક મોતી, મ્હણી મુલ કરૂં છુંજી,
મોંઘીરે વસ્તુ સાચવી, પ્રેમે પેટ ભરૂ છુજી, હુરે વણ ૨
પારસમાંથી પરગટી, પારસમાહીં ભળુ છુજી,
દાસ પુજો કહે ગુરૂ ગીનાનથી, જલમા જલહલુ છુજી;
હુરે વણજારી. ૩

ભજન

આજ સખીરે મારા મદીરીઆમા, બેઠી આસન વાળીરે,
શ્યેજ શબદકી ધુન ગગનમા, ત્રીકમ સાથે તાળીરે; આજ.
સોહમ સોહમ શબદ જો ઉઠે, લેહે તાર નવ તૂટેરે,
પ્રેમ ગાંઠ પીઆશું બાંધી, તે કેમ કરીને છૂટેરે; આજ. ૧
સુરત નુરતસે નેહ લગાવી, નિરમલ દ્રષ્ટે જોયુરે,

છબીલાની છબી જોઈને મારૂ, મનડું રહ્યું છે મોહીરે; આજ. ૨
શાહ કાયમદીન ચીસતી ગુરૂ અભરામને મળીઆ, ત્યારે
ભ્રમ ઓળખાયોરે;
અટલ ઘર પર નીશાન ઝલકે, તે પુંજાએ પરછો પાયોરે;
આજ સખીરે. ૩

ભજન.

રાગ પ્રભાત, બિલાવલ.

મે મારો બાલમ ઓળખ્યો, આપોઆપ જો માહી;
આપે રમેને આપે ભમે, આપે રહયોરે સમાઈ મે મારો. ટેક
કોઇ કહે જોગી કોઈ કહે ભોગી, કોઇ કહે કચુ નાંહી;
હે ઘટમેને ઘટસે નીઆરા, રહયો ખાક લગાઇ, મેં મારો ૧
ભેખ ધરે વાલો નિત્ય નવા, સબમાં રહયોરે સમાઇ;
હીંદુ તુરક કાજી મુલ્લા, વેદ પડે પડીત તાંહીં, મે મારો. ૨
એક શબ્દ મે મેરો સાહેબો, ગુરૂએ દીઓરે બતાઇ;
દાસ પુંજા કહે ગુરૂ વીશ્વાસમાં, ચરણે શીશ નમાઈ; મે મારો. ૩

ક૧૦૩

ભજન.

રાગ પરભાત, કેદારો.

આ જુગમાંરે ગવાણી મારા વાલા, હુ છુ તમારી સાથેરે;
દુરીજંન લોક સહુ દુશ્મન થઈને. આળ ચડાવે
મારે માથેરે; ટેક.

વાંકા બોલી વાત કરે છે, અણુસાંભળી અણુદીઠીરે,
પોતીકુ બળતું પોતે ના ભાળે, પારકી લાગે મીઠીરે,
આ જુગ, ૧

કહે છે એ બેઉની પ્રીત બધાણી, તોડી કોઈની નવ તુટેરે;
પ્રેમની ગાઠ જયાં પડી રેશમની, તે છોડી કેની નવ છુટેરે;
આ જુગ; ૨

સાસુ નણુંદ મારી સાથે ના બોલે, સોખડલીના
બોલ સહીએરે,
દાસ પુજાના સ્વામીના ચરણે, જેમ રાખે તેમ રહી
એરે; આ જુગ; ૩

ભજન

(રાગ—પરભાત)

સહીરે સમાણીપણુ મે કરૂં, મુને મલીઓ મોરારી,
પુરણ બ્રમ અખડ છે, નહીં નરને નારી—સહીરે ટેક.
મુલ કમલ નીશ્ચે કરી, નીરખી જોયું નીહાળી,
તરવેણી તીરકુટીના ધામમાં, બેઠી આસન વાળી સહીરે. ૧
સપન જાગરત શુશુપ્તી પતી તુરયા નુર વરસે,
ઝગમગ જોત જલહલે, સાચા દીદાર દરશે. સહીરે. ૨
સપ્તદીપ નવ ખડમા એક અતરજામી,
પુજો કહે એ વર હુ વરી, મન ગમતોરે સ્વામી. સહીરે ૩

ગરબો.

તુ અલગો રહે અલબેલારે, ઓરો આવીશ ના;
તુ ના કર મુખડાનો ચાળોરે, નેન નચાવીશ ના. ટેક.
વાલા કેડો મેલની હમારો, તુ કાલોને હુ ગોરી;
પેલા દુરજનીઆની ચોરીરે, ઓરો આવીશ ના; તું અલ.
વાલા તુ નાનો ને હું મોટી, વાલા તારી સઘાતે પ્રીત ખોટી;
હું તો નીત્ય ઉઠી મુખડું જોતીરે, ઓરો આવીશ ના. ૨

હારે મારે મહી વેચવાને જાવુ, હાંરે મારગડે ખે'ટી થાવુ;
હારે તારી સાથે ઘણુ ગવાવુ રે, ઓરો આવીશ ના 3
મારૂં કહ્યુ માન તું કાન કાળા, મૂક મોહન તુ મોરલીવાળા;
મારી તુટશે મોહન માળા રે, ઓરો આવીશ ના. ૪
દાસ પુજાનો સ્વામી રંગ રસીયો, મહી માખણુ ખાવા
આવી ધસીઓ,
મારા રૂદે કમળમાં વસીઓરે; ઓરો આવીશ ના,

ગરબો.

તારી મોરલીએ મન મોહ્યુ રે, સુદર શામલીઆ,
મારૂ જન્મ મરણુ દુખ ખોયુરે, સુદર શામલીઆ. ટેક
તારી વાસડલી વનમા વાગી, ઝબકી મદીરમાથી જાગી,
મારા ચીત્તમા ચટપટ લાગીરે; સુદર શામલીઆ. ૧
તારી મોરલી મધુરી વાજે છે, તેતો ચૌદ ભુવનમા ગાજે છે
મોહન મુખ પર બીરાજેરે, સુદર શામલીઆ. ૨
તારી એ વાંસડલીના ચટકે, મારૂ મન અટકયું તારે લટકે,
તારી મીઠડલીના મટકેરે, સુદર શામલીઆ 3
તારી વાંસડલી રસીલી છે, મુને માણસમાથી ટાળી છે;
વાય વાસડલી વનમાલીરે, સુદર શામલીઆ. ૪

હુતો ચાલી સરવે ત્યાગીરે, મલ્યો પુંજાનો સ્વામી સુવાગીરે,
મારા મનડાની મમતા ભાગીરે, સુંદર શામલીઆ. ૫

ભજન.

રાગ કલ્યાણ. હીંડોલો.

શામ હીંડોલે ચડે, દેખો માઈ, શામ હીંડોલે ચડે;
સરવે ગોપી જાને વરે, દેખો માઈ, શામ હીંડોલે ચડે. ટેક.
સરવે વનિતા ટોલે મળીરે, જય જય કાર કરે,
આનંદ મોતી વરસે બ્રીજમાં, વીખ સઉ વીસરે. દેખો; ૧
ગુણકા નાર ગુણ કરેહી તાં, સબ સખી ચરણે પડે,
પ્રેમ લગનમાં મગન ભઈ નારી, હસી હસી
વીલાસ કરે, દેખો; ૨
રસીક રમણ લાગી રસીઆસુ, ઓર સબી બીસરે;
દાસ પુજો કહે નીત નેહ કરતાં, અવર પુરૂષ કોણ વરે.
દેખો માઇ, ૩

ભજન.

રાગ કલ્યાણુ હીંડોલો.

આપ ઝુલે રંગમાં, દેખો માઇ શામ દુલારી;
આપ ઝુલે. ટેક
મગન હીંડોરો લગન દોરી, હરદમ હીં ઝુલે; દેખો માઈ.
સત આસન સીંઘાસન બેસાડયા, ચીત ચમર ઢલે;
દેખો માઈ. ૧
ગણુતી શી ગણુ સબ ગરક ભઇહે, અગણતીએ વળી
રહુ તહા, દેખો માઈ. ૨
દાસ પુજાના સ્વામીના ચરણે, એ રસ સમાણો જહાં;
દેખો માઈ. ૩

ભજન

(રાગ કલ્યાણુ હીંડોલો)

રંગ હીંડોલામાં ઝુલે, દેખોમાઈ, શામ સુવાગી, રંગ
હીંડોલામાં. ટેક.
પ્રેમ રંગી હીંડોલો શોભે, શોભા નઉતંમ ખુલે–દેખો. ૧
બુધમાં શુધ ભળે છે સામી, મનધીર ધર્યો તહાંરે, દેખોમાઈ, ૨

ચીત વીત લાગુ ધ્યાન પ્રભુસે, અગમ ત્યાં ગળે દેખો. ૩
શબ્દ સહીત સુરતા દોરી, દાસ પુજા ત્યા ભળે. દેખો ૪

ગરબો.

હરી ભજન વીના, દુખ દરીયા સંસારનો પાર ના આવે–એ રાહ

અગનાની જીવ, કુટીલતા મૂકીને નીરમલ થાની,
ભાવે ભજન કરો, ભરમ ભેદીને નીરગૃણ પદને ગાની ટેક
તું હરીજનોમાં નથી હલતો, પેલા અનુભવીઆમા,
નથી મળતો,
હીંડે પારકાઓની નીંદા કરતો, અજ્ઞાની જીવ, કુટીલતા ૧
તારૂ કુટીલપણું જયારે જાશે, તુ સત સમાગમમા ન્હાસે,
ત્યારે તારા મનનો મેલ તો ધોવાશે, અજ્ઞાની. ૨
તુ સતગુરૂ ચરણુ જો જાશે, તો જીવ મટીને શીવ થાશે;
દાસ પુજો કહે પોતે પરખાશે. અજ્ઞાની ૩

ગરબો

રાગ સદર

મન સમજની, શુ સુતો છે અંગે આળસ આણી,
જોતાં જુગ જાએ, જેમ જાએ છે સરીતાનુ પાણી. ટેક

ઘડી ઉપર ઘડી ભરાય છે. તારો ઉમર ઓછી થાય છે;
દીન લાખો એના વહી જાય છે; મન સમજની. ૧
તે આવીને સાધન શુ કીધુ, તેં લખ ચોરાશીનું બધન
લીધું,
તે અમરીત ઢાળીને વિખ પીધુ; મન સમજની, ૨
તુ થાકયો ફેરા ફરી ફરી, તુ મુવો છે દેહ ધરી ધરી,
તુ શુ કમાયો કમાઈ અરી, મન સમજની ૩
તુ માયાના મદમા મોહ્યો, તે આ અવસર એળે ખોયો,
દાસ પુંજો કહે પોતાને નવ જોયો; મન સમજની ૪

ગરબો.

રાગ સદર

મન રસીઆજી, મુઢ મતી મતીના માન કહ્યુ તુ મારૂ,
ખોળી લે આપ, ખબર વીના નવ સુઝે કારજ તારૂ. ટેક.
તુ મળને આતમ અલખમા, તુ ભટકે જુઠો ખલકમા,
તારો પડ પડશે એક પલકમા, મન રસીઆજી, મુઢમતી ૧
તુ હીંડે ખટરસને ખાતો, ફરે માયાના મદમા માતો,
આ મુખે હરી ગુણ નથી ગાતો; મન રસીયાજી ૨
તુ સતગુરૂ સગે ફરે સરખો, તમે ભાવ કરી રૂદીએ હરખો

દાસ પુંજો કહે પરીબ્રહ્મ નરખો; મન રસીયાજી. ૩

ભજન

હવે ના વીસારૂંરે નબીજીના નામનેરેજી. એ રાહ.

આજનુ આલીંગનરે, દીધુ મારા કથનેરે,
અગોઅગ ઉપર લીધા નાથ, અધરસ પીધોરે,
બાઇ મેતો પ્રેમસુરેજી;
હેતે ચાપ્યા રૂદીઆ સાથ; આજનુ આલીંગનરે. ૧

અબુજ વરણીરે બાઇ એની આખડીરેજી, નેહનાં નેતર
ભર્યા રે રસાળ,
વારે વારે ભાળેરે વહાલો મારો હમ ભણીરેજી, તેથી
મારે વાધી વિરહની ઝાળ આજનુ. ૨

સુદર વદનરે બાઇ સોહામણુ રેજી, વલી એને કુડલ ઝલકે કાન,
મધુરૂ શુ બોલેરે મોહન મારો મીઠડોરેજી, મારો વહાલો
ભીનેરે વાન આજનુ. ૩

પેલા જ ામનુ રે પુન્ય મારે પ્રગટ્યુ રેજી, પીયુ પામી પુરણુ
બ્રહ્મ અવીનાશ;
દાસ પુંજાએરે પ્રીત પ્રભુસે કરીરેજી, હારે બેની પ્યારી
પીઆની પાસ; આજનુ. ૪

ભજન.

હવે ના વીસારૂ રે —એ રાગ.

વારૂંછુ વીઠલરે, રહેને તુતો વેગળારેજી, બાલમ વળગાની
શી ટેવ;
જગમેના સાધુરે, જાણે તને જાદવારેજી, દરશન
ઇચ્છે મુનીવર દેવ. વારૂ 1
મહી મારા ઢળસેરે મટુકી મારી ફુટશેરેજી, તુટે મારો
નઉતમ નવસર હાર;
કહ્યુ મારૂ માનોરે કહુછુ હુ કાનજીરેજી, પ્રેમી જનના
પ્રાણ આધાર, વારૂ, ૨
દુરીજન દેખેરે વહાલા મારા દુરથકીરેજી, તેતો કરે વાંકા
છાની વાત;
આપણા બેઉનુંરે ઉઘાડું પાડશેરેજી, વગોણું થાશેરે
વખ વાદ-વારૂ. ૩
પાલવ મેલોરે પ્રભુ મારા પાતળારેજી, હમો અબળા તણો
અવતાર;
દાસ પુજાએરે પ્રીત પ્રભુસે કરીરેજી, વાહલે મારે ઉતાર્યા
ભાવપાર. વારૂંછું. ૪

ભજન

હવે ના વિસારૂ રે—એ રાગ.

આવી અલબેલોરે, ઉભો મારે આંગણેરેજી;
બેની મારે દીવાળીનો રે દન, એ સુખ શોભારે કોની
આગળ કીજીએરેજી;
આનંદ થયું હમારૂ રે મન; આવી અલબેલોરે. ૧
સુખનો સાગરરે બેની મારે ઉલટયોરે, દુંખડા તો ગયા
તેણી વાર;
જેમ નીરધનીએરે બેની ધન મેળવ્યુરેજી, તેને હરખ તણો
નહીં પાર. આવી. ૨.
ધન ધન જીવવુંરે બ્રોજની નારનુંરે, શામળીઓ તો
રસ રમાડે દીન રાત;
એ તો નથી કહ્યારે સરખી વાતડીરેજી, બેની એ તો જોયા
સરખો નાથ. આવી ૩.
મોર મુગટનીરે શોભા હું શી કહુ રેજી, હરે એને કુંડલ
ઝલકે કન,
ફરફર ફરતારે બાઇ હમો પુદડીરે, બેની મારો વાલોજી
ભીને વાન. આવી. ૪
પુરવે જનમનીરે બાઇ મ રે પ્રિતડારે, પીયુ હું તો
પામી પુરણાનંદ;

દાસ પુંજાનો સ્વામી એ શોભતોરે, એની મે તો સોંપ્યું
તન મન ધન. આવી ૫.

ભજન

હવે ના વિસારૂ રે.—એજ રાહ.

આજની શોભારે એની હું તો શી કહુ રેજી, પામી હું
તો સામળીઓ ભરથા'ર,
ભરમણાઓ ભાંગીરે મારા તો મનતણીરેજી, હેતે મે તો ઝલ્યો
એનોરે હાથ આજની શોભારે. ૧.
મુખડાની શોભારે અતિ શોહામણીરે, હારે મારો સામળીયો
શ્યામ સ્વરૂપ;
લટકો તો કરેરે જુદી જુદી ભાતનોરેજી, જયાં જોઈએ ત્યાં
એનુ છે રૂપ. આજની શોભારે. ૨.
મોર મુગટરે અતિ રળીયામાણોરે, એની એને કુંડલ
ઝળકે કાન;
કંઠે કૌસ્તુભ મણીરે એને એ બીરાજતીરેજી, હારે મારો
વાલોજી ભીનેરે વાન. આજની શોભારે. ૩.
થાલ તો ભરીઓરે બાઈ મેં તો મોતીએરેજી, હારે મેં તો
વધાવ્યો દેવ મોરાર;

સરખી સમાણીરે સહીઅર ટોળે મળીરેજી, પાટે
બેસાડયા તે વાર. આજની શોભારે. ૪.
ધન ધન દહાડોરે જેને હેતે પીયુ મળેરેજી, બેની તેનો
મનખા દેહનો લાભ;
દાસ પુજાનેરે પીયુ પંડમાં પ્રગટયારે, બેની મારા સત
ગુરૂનો પ્રતાપ. આજની શોભારે. ૫.

ભજન

રાગ સામેરી—મલાર

પેલો કાનજી પડયો મારી કેડેરે, ઓ સઈએર શું કરીએ, ટેક.
અળગો રહીને વાલો આળ કરે છે; વળગ્યો આવે એ વાટે,
છંછેડું તો મારો છેડલો ના મુકે, મને રોકી જમુનાજીના
ઘાટેરે; ઓ સઈએર શું કરીએ ૧
જળ ભરવા કેમ જઇએ મારી બેની, વાલો ઉભો
જમુના તીર,
કેડ મરોડીને કાંકરડી મારે, પેલો નણદલ કેરો વીર,
ઓ સઈએર શુ કરીએ;
લાખ ટકાનું મારૂં બેડલુરે, વાલો છબકે છાંટે નીર,
ચરણ ભીંજે મારી ચોલી ભીંજે, ભીંજે મારાં નવલાં ચીર;

ઓ સહીઅર. ૩

લોકડીઆથી જરા નવ લાજે, હીંડે લંપટ લાલચ કરતો,
જ્યાંરે જાઉ ત્યા મારી જોડેરે આવે; હીંડે વાહલો
પુઠળ ભમતો; ઓ સહીઅર. ૪

પુરવે જન્મના ભાગ્ય હમારાં; વહાલો પ્રીતે એ વર મળીઓ,
દાસ પુજાના સ્વામી પાતળીઆરે; મારો ભવસાગર
ફેરો ટળીઓરે, ઓ સહીએર શું કરીએ ૫

—✤—

ભજન.

મને મારીરે પ્રેમ કટારલીઆ, બેની કાટ કલેજા કહાડ લીઆ,
મને મારીરે પ્રેમ કટારલીઆ. ટેક.

પ્રેમ કટારી ઘાવ લાગ્યોરે, છેદ્યો સઘળો શરીરરે, હો બેની;
રોમ રોમ મોહે કંપને લાગે, મેં કીસ બિધ રાખું ધીર,
મને મારીરે; ૧

સુંદર પીયાકુ ધુડને નીકશી, ઉભી અગનકે માઇરે;
હો બેની;
પીઆ પીઆ કર કર મેં રે પોકારૂં, મેરા પીઆ ગયા
પ્રીત લગાઇ;
મને મારીરે પ્રેમ કટારલીઆ. ૨

બેશુધ થઈ અવળી ફરૂરે, પીયા બીના રહા ના જાઇરે,
હો બેની;
મેં દલ કાસી મેરે ઘટમાં ખુજુ, મેરે પીઆ બતાવે વહાં
જાય; મને મારીરે. ૩
સુન માહ સુનકે બીચમારે, પીઆ પાએ મુજ આજરે,
હો બેની,
શાહ કાયમદીન ચીશ્તી, ગુરૂ અભરામને મળીઆ,
દાસ પુંજાના સરીઆ કાજરે; મને મારીરે પ્રેમ કટાર. ૪

ભજન

મારી બેનીરે નહી જાઉ પઇએરીએ, મને વહલું લાગે
સાવરીએ,
મારી બેનીરે, નહીં જાઉં પઇએરીએ, ટેક
પઇએરીએ પીડા ઘણીએરે, સાવરીએ સુખ હોયરે,
હો મારી બેની,
પીવજી હમારો પરીબ્રહ્મ કહેવાયે, તો તેમના માનીતા
થઈ રહીએ, મારી બેનીરે, નહીં જાઉ પઇએરીએ ૧
સાસુ મારી સુખમણીરે, સસરો પેર કરેરે ઘણેરી;
પીવજી હમારો સેજડીએ સીધાર્યો, તો આનંદની

થઇ લહેરી, મારી બેનીરે, નહીં જાઉ પઇએરીએ. ૨
પઇએરના પનોતા થઇને, સાવરીએ જઇ રહીએ, હો બેની;
કહેણી બી રહીએ રહેણી કમઇએ, તો પીયુના માનીતા
થઇ રહીએ; મારી બેનીરે, નહીં જાઉ રે પઇએરીએ. ૩
સાવરીયુ ને પઇએરીયું એ, દોનુ કીધાં હાથરે, હો બેની,
શાહ કાયમદીન ચીસ્તી ગુરૂ અભરામને મળીઆ,
દાસ પુંજાના સરીઆ કાજરે, મારી બેનીરે, નહીં જાઉ રે. ૪

શ્રી રાગ ધુવાણ;

ભજનમા પણ ગવાય છે

શાખી

ઝગમગ ઝગમગ જોત હે; જલી રહી મે તાહીં;
પુંજો કહે અદભુત બાજા બાજ રહા; જ્યોતમેં
જ્યોત સમાઇ;

ભજન.

મારા વહાલારે નહીરે જવા દેઊ બારણે;
તમે રહો આ ઘર કેરી માહી;

મારા વહાલારે નહીરે જવા દઊં બારણે. ટેક.
લોક ઠગારા આ ગ મનારે; તે બીચ કેમરે રહેવાય;
પાંચ પચીસ માહીં નાર ઠગારી, મારો બાલમ જાયરે ઠગાય.
મારા વહાલારે. ૧
બાંધી મુકું નહીં છોડુ રે, શું છે તમારૂ રે જોર; ઘેરીને
ઘાલું ઘરમાં રે, હુ તો કરીશ પાધરો ઢોર. મારાવાલારે. ૨
લખણુ તમારાં ચોરનારે, મેલી દીઓ એ ટેવ;
રહો ઘર ભીતર આપણા, હુ તો કરૂં તમારી સેવ;
મારા વાહલારે. ૩
સમતા વાળોની સામળારે, ભટકામા નહીં રે ભલાઇ,
અમીર લોકને એસી બિનતી; મારી સુરતામા રહોરે સમાઇ
મારા વહાલારે. ૪
માહી રમોને પીઆ માહી ભમોરે, માહી સુખ લોને વીહાર;
એ ઘર ભીંતર એક અ તર મેડી, ત્યાં કોણ જાનનહાર;
મારા વહાલારે. ૫
પ્રેમે પીયુ મારો વસ થયોરે, હવે આવ્યો મારે હાથ,
પુંજાનો સ્વામી પ્રીતે મળ્યો છે, વીલો ન મેલું દીન રાત;
મારા વહાલારે નહીં જવા દઉં બારણે; ૬

રાગ ધુવાણુ

ભજનમા પણ ગવાય છે.

મે તો મોહન લીધોરે મુલવી, સુન મ હ સુન બજાર કેરી માંય;
મારી સહીએરો, મોહેન લીધોરે મુલવી. ૧
દુનીઆ સગળી દેખતાંરે, લખીઓ કાગળમાં લેખ;
દરદાવોરે કોઇનો નહીંરે, એમ કીધો ફારગતીનો વિવેક.
મારી સહીએરો ૨
હુ છું રે એની અને એ છે રે માહરો, અ તર નહીંરે લગાર;
અરસપરસ બેઊ એક થઇ રહયા, મટયો લખ ચોરા
સીનો ભાર. મારી સહીએરો મોહન લીધો રે મુલવી. ૩
આવાગમનની આશારે મુકી, થઇને બેઠીરે ઉલ્લાસ;
પુ જાનો સ્વામી પ્રીતે મળીઓ, હવે ફરી નહીં આવું ગર્ભવાસ.
મારી સહીએરો, મોહન લીધોરે. ૪

સાખી

ધન તેરસ ધન દહાડલો, ધન ઘડી આ અવતાર;
ધન પુંજો કહે હરીની ભકિત જે કરે, તે ઉતરે ભવજળ પાર.

ભજન

મારે ધન તેરસ ધન દહાડોરે, સખી ધન ધોવાને;
મારા પરભુ પધારોને ઘેરરે, દરશન દેવાને. ટેક

ધનતેરસ ધન ધોયું મારી બેની, હીરા માણેક મોતીનો હાર
મણી મન ધોયું મે તો નીરમળ નીરે, ગયો મારો
સઘળો વિકારરે, સખી ધન ૧

ભગતી રૂપી આભુષણ પહેર્યાં, સજીઆ શોળ શણગાર;
શીલ સતોષનો સેથો પુર્યો, નઇણે કાજળ સારરે. સખી ૨.

આજ સખી મે અચરત દીઠું, હરીએ હેતેરે ઝાલ્યો હાથ;
આલીગન દીધુ ને ચુબન લીધું, કહી વાલે બાલપણાની
વાતરે સખી. ૩.

વળી વળી વહાલો મુને હસી બોલાવે, ભાવ રૂદેમાં રાખી;
અગો અંગ ઉર ઉપર લઇને, કઠે બાહડલી નાખીરે;
સખી ધન. ૪

હુ છુ રે એની અને એ છેરે મારો, સરખા સરખી
બેઉની જોડ,
પુજાનો સ્વામી રગ રસીઓ, પુરે મારા મનડાના
કોડરે; સખી ધન. ૫

સાખી

રાત અંધારી કાળી અને કાળી ચઉદશ જેહ;
ધન પુજો કહે કાળી ચઉદશ સહી કરે, અભેપદ પામે તેહ.

ભજન.

મારે કાળી ચઉદસની રાતેરે, શીખી કામણ કરવાને;
મારા પ્રાણજીવન પરભુ નાથરે તેનુ મન હરવાને. ટેક
જંતર મંતર ઉપાસનારે; પંચ ભૂતનુ રે કીધુ;
કામ ક્રોધ, મોહ માયાનો મંત્ર, તેનુ તો બલીદાન દીધુરે
શીખી. ૧
કરણી કર્મની આહુતી આપી, અહંકાર હોમ જો કીધો,
નવ ભાતનુ નૈવેદ ધરીયુ, પછી આતમ વશ કરી લીધોરે.
શીખી ૨
ચેતન પુરૂષની ચોકીરે બેઠી, જાપ અજપો સાદયો;
અધર આસન વાળીને બેઠી, પછી અક્ષરાતીતને આરાદયોરે.
શીખી ૩
દોડયા દોડયા હરી મુજ ઘેર આવ્યા, મને અણ બોલ્યા બોલાવે,
પુજાનો સ્વામી પ્રીતે મળીઓ, મોટા મુનીવરને સ્વપ્ને
ના આવેરે શીખી કામણ. ૪

સાખી.

પદર ભુવન વ્યાપી રહ્યા, અતરજામી એક;
ધન પુજો દહે ઘટમાં પીયુ વસે, એને નહીં રૂપને રેખ.

ભજન.

મે તો વશ કીધો વનમાળીરે, આજ મારે દીવાળીરે બાઇ દીવળી.
મારા પરભુનું મુખ જોયુ નીહાળીરે દીન દીન દીવાળીરે;
બાઇ દીવાળી, ટેક.
પરભુ અવીને મારે મંદીરે બેઠા, શોભા તે વરણી ના જાય,
ઇંગલા પીગલા ચમર ઢોળે, સુખમણ સેજ બીછાયરે આજ; ૧
વીવેક આવીને ગીનાન કરે છે, નુરત સુરત કરે નચ,
પાંચ પચીસને નઉતમ નારી, તેતો ઉભી મારા પરભુજીના
પાસરે, આજ મારે, ૨
તાલ પખાવજ જતર વાજે, સરનાઇ નાદ થાય ભેરી,
મરદંગ ઉપર નોબત વાગે, સત સુકરિત કરે ફેરીરે આજ. ૩
ઝગમગ ઝગમગ જોતી ઝળકે, ફરતી ચોદશ વારી,
નુર તુરના પુવારા ઉડે, ત્યા અનહદ તેજ અજવાળીરે આજ. ૪
ઓહુમ સોહુંમ શબ્દ જો ઉઠે, એણું ના તુટેરે તાર;
રણુકાર રટણા રટે છે, અમરીત ઝરે અપારરે. આજ. ૫
અગમ નીગમની ગમ નહીં, તે મેહ નજરે દીઠોરે આજ;

પુંજાને પરભુએ અભેપદ દીધું, મારા સરીઆ સઘળા
કાજરે. આજ મારે. ૬

ભજન.

રાગ ધુમાલ.

પ્રાણજીવન પીઆરોરે હોરી ખેલેહો; હો મેરે સંતોરે,
સુન માહ સુન કેરી માહીં, પ્રાણજીવન પીઆરોરે
હોરી ખેલેહો. ટેક.

પાચ પચીસ પીઆકી સગે; મીલી હે નઉતમ નાર;
એ ખેલ નીરંતર ખેલે ખલકમાં; તેના મરમનો જાણો
પાર; પ્રાણજીવન. ૧

સુખમણ નાર સંખ બજાવે; ઉનમુની તાન મીલાય,
ઇગલા પીંગલા નરત કરે છે; ત્યાં ઝમગમ જોત જલાય;
પ્રાણજીવન. ૨

તીરકુટી તરવેણીના ઘાટમાંરે; મોહન મોરલી વાય;
હરદમ નોબત અંતર વાગેરે, સોહમ સોહમ થાય.
પ્રાણજીવન. ૩

ખેલ રચ્યો ચોગાનમાંરે, ત્યાં ઉડે પ્રેમ ફુંગાર;

પુંજાનો સ્વામી હોરી ખેલેરે, ત્યાં વરસે નુર ધુંવાર,
પ્રાણજીવન. ૪

શ્રી રાગ મંગલ.

મગલ ચીને ચતુર સુજાણ, સ્વપ્નું સંસાર છે—એ રાગ.

દુગધા દોનુ ભુજાઇ, ગુરૂ મેરે ગીનાનથી;
સતો અભેપદ પામ્યા આનદ, હવે તો તમા નથી ટેક. ૧
વિખ વીકારીનુ ઝેર કાઢી નાખીયુ; સતો અમરફળ કેરૂ ભુન,
અમીરસ ચાખીયુ દુગધા દોનુ ભુજાઇ ૨
સસાર કેરૂ સુખ દુખ એ દોનુ ગયુ, સતો પારસમણી
કે સંગ, કે પારસ થઇ રહેયુ દુગધા દોનુ ભુજાઇ ૩
નવ ધામે કરો નીશ ધામ, દસ ધામે મન ઠસ્યુ; સતો ભાઇરે
કેવલ નાર, છવીસમે ચીત વસ્યું. દુગધા દોનુ ભુજાઈ. ૪
ઝગમગ ઝગમગ થ ય, જોતી જલહલે; સંતો પુજામાં પીયુ
થયો પરકાશ, નુરમાં નુર ભળે દુગધા દોનુ ભુજાઇ ૫

ભજન.

નૈનોકે બાણુ મોહે મારે; હો મેરે સંતોરે.
પીતાંબર પ્રાણુ આધાર; મેરે સંતોરે નૈનોકે બાણુ
મોહે મારે હો ટેક.

ચોટ સુરત ભર મારોરે મોકુ, સુધ ના રહીગે શરીર,
એ તંન મારો વીંધ્યો ને મન મારો છેદયો,ભર માર્યો પ્રેમકો
તીર. મેરે સંતોરે, નૈનોકે; ૧

લાગી તબ જાણી નહીં રે, નીકસ ગઇ અંગ પાર,
રોમ રોમ મોરે કંપન લાગે, નેણુ છુટી નીરધાર.
મેરે સંતોરે નૈનોકે બાણુ ૨

વીત્યા વિના શી વેદનારે, જીને કીયો હે પીયાકો સંગ;
પ્રેમ રસ પીવે સુરત સોહાગણુ, વાકુ ચડે સવાયો રંગ;
મેરે સંતોરે નૈનોકે બાણુ મોહે મારે હો. ૩

કયારે હરૂ મેરો કચુવ ના ચાલે; મે તો હો ગઇ હાલબેહાલ;
પુંજાનો સ્વામી પ્રીતે મળ્યો છે, મને પલકમા કીધો છે નીહાલ.
મેરે સંતોરે, નૈનોકે બાણુ મોહે મારે હો. ૪

રાગ રેખતો.

પીઆ તેરે નામકી પ્યાસી, મીટી મેરે કાલકી ફાસી;
મન મેરા અથીર થીર આયા, તેરા સો નામ મુજે ભાયા. ટેક

કે જલ બીના મીન તલપતી, પીઆ બીના નીંદ નહીં આતી;
પીઆ ઘર આવ સવેરી મેરે, નેના રસીલે દેખું તેરે. પીઆ. ૧
ચકોર જ્યું ચંદ્રહી ચાહવે, દીપકદેખ પતગ જલ જાવે;
એસો કોઇ નેહ લગાવે હરીસે, ઊસે હરી તુરતહી પાવે.
પીઆ. ૨
જલમે કમલહી રહેતા, ઉસે જલ સ્પર્શ નહીં હોત';
એસા તુ રહેવે સબ માંહીં, તેરેકુ કુછ નહીં ચીતા.
પીઆ ૩
અનલ પખી ગગનહી રહેતા, કે વહાસે ઈંડા તો ધરતા;
સુરતસે જા મીલે તાંહી, દુજેકું ગમ પડે નાહીં.
પીઆ. ૪
સતગુરૂ સાંઈસે મીલના, કે કોટીક કરમસે ટલના;
ખુદી સબ ઝટ કટ જાવે, તબહી અમર દેહી પાવે
પીઆ. ૫
અકલ કીસિકી નહી ચલતી, મહેર સતગુરૂકી હોતી,
સાહેબ અભરામ ગુરૂ મેરા, કહે સેવક પુંજા તેરા.
પીઆ. ૬

સી રાગ મંગલે

સાખી.

સુરતા હમારી સુર ચલી, જેસા છુટત બાણુ;
માર દીઆ મેવાસકુ, પુંજો કહે તું એસી જાણુ.

ભજન

મગલ ચીને ચતુર સુજાણ સ્વપ્નુ સસાર છે એ રાગ

સેજ શબ્દકી ધુન ગગનમાં જો ગઈ, સતો જપોરે
અજપા જાપ આપો આપ હો રહી; ટેક.
નહીં સુરત નહીં મુલ, નહી હે દરસનાં, સતો પગરે
નહી ઓર પખ, નહી કોઇ પરખનાર સેજ ૨
નહી ઉજીઆલું સુન, હરી છે હીરલો; સતો ખુબ
કુદરતનો ખેલ, જાણે કોઈ વીરલો. સેજ ૩
અધર ઘરકે માહી, આસન વાળીયુ, સતો અનલ પખીનો
ખેલ, સ્વરૂપ નીહાળીયુ. સેજ ૪
પોતે પોતાની પાસ, ધ્યાન કોનુ ધરૂ, સતો પુજો તો
પરગટ જોય, સરવે ભરપુર ભર્યું સેજ. ૫

રાગ ગરબી

(મારે પુરવે જનમની પ્રીત, વહાલાને કેમ વીસારૂ એ રાહ)

ઘેર આવોરે મોહનલાલ, માખણ ખાવાને;
મુજ ઉપર કીધી મહેર, પ્રેમ રસ પાવાને. ટેક
ગીરધર મારે ઘેર પધાર્યા, મારે આનંદની થઈ હેલીરે,

છબીલાની છબી નરખીને, હું તો હરખે થઇ ઘેલીરે.
માખણ. ૧
દહીં દુધની ટેવ ત્રીકમને, મહી મોહનને ભાવેરે;
માખણને કાજે મારો વહાલો, મારી પુઠે વળગતો આવેરે.
માખણ. ૨
માખણ તો મુનીજન માગે, દેવને દુર્લભ થાયરે,
બ્રહ્માધિક ને ઇંદ્રાધક છે, તે મોહન માખણ ખાયરે.
માખણ. ૩
પ્રીતે પ્રભુજી પાલવે વળગી, પ્રેમે કીધી વાતરે;
અરસ પરસ બે એક થઈ રહ્યા, આવ્યો રસીઓ પુજાનો
નાથરે, માખણ ખાવાને. ૪

રાગ વસંત

તુમ મત માગે પીચકારી, મારા વાહલા ભીંજે મારી
નવરંગ ચોર ચોળી.
તમ હંસ સરખે કુવર કનૈયા, તો હું છુ રાધા ભમર
ભોળી. તુમ મત. ૧
ચુવા ચંદન ઓર અરગજા, કેસર લીજીએ ઘોળી,
મુખપર તુમકે અમીરસ છાટું, એવો રંગીલો રમસે
હોળી. તુમ મત. ૨

લાલ ગોવાલણી ઘેરી નરહરીએ, બીજ વનિતાની ટોળી,
દાસ પુંજાનો સ્વામી રંગરસીઓ, સો વશ કીધો રંગમાં
રોળી. તુમ મત. ૩

રાગ વસંત.

રૂઠડા બાલમ શાને ફરો છો, બહોત ગુમાને ભર્યારે,
પ્રથમ પ્રીત પહેલી કરી શું કરવા, મન ચંચલ હરવાને;
રૂઠડા ૧
હમો અબલા ઉપર મારા વાહલા, ના કરીએ એવું રે,
પ્રીતડલી કરતા શું કીધી, કઠણ પડી હવેરે, રૂઠડા ૨
ધુતવેડા તમે મેલો મારા વાલા, કુડ કપટ મન માહે,
દુર દીલને કઠીણુતા ઘણી, મહેર નહીં મનમાહે, રૂઠડા. ૩
જેહને ભાવો નાથજી મહારા, શો છે ગુનો હમારો,
દાસ પુંજાના સ્વામી અંતરજામી, મે પાલવ પકડયો તહારો.
રૂઠડા, ૪

રાગ વસંત.

ચાલો સખી જોવાને જઇએ, જ્યાં વસંત ખેલે વનમાળી;

નવતમ નાર મળી નવ જોબન, હસી હસી લે વહાલો
તાળી. ટેક. ૧

નટવર નાનો છે લઘુ વેશે, છમક છમક કરે ચાળો,
વલગે ઝુમે ને મુખ ચુમે, મોહન મોરલીવાળો ચાલો
સખી ૨

અબીલ ગુલાબ અતી ઘણા ઉડે, કેસર ભરી છે ઘોળી;
ચુવા ચદન છાટુ છાટણુ તો, લાલ લીઓ રગમા રોળી
ચાલો સખી ૩

વાજાં વાજેરે અનહદ બાજે, ગાજે નાદ થાય ભેરી,
તાલ પખાવજ મરદગ વીણા, મોરલી શબ્દે ઘન ઘેરી
ચાલો સખી. ૪

આવે જાવે મોહ ઉપજાવે, મધુરે શબ્દે ગાવે,
પ્રેમીજન શુ પ્રીત લગાવે, માનુનીને મન ભાવે ચાલો
સખી. ૫

સઉમાં નાનો સઉમાં મોટો, ખેલ કરે બહુ ભારી,
દાસ પુજાનો સ્વામી અખલીત, બલીઓ તારા મુખડા
ઉપર જાઉવારી. ચાલો સખી ૬

રાગ વસત ફગવો

બ્રીજનારી ખેલે ફાગ, ફગવા દોનીરે,
કુલકી લાજ મરજાદ મેલી, મે નીકસી અગન કે બાર,
ફગવા દોનીરે. બ્રીજ. ટેક.

ફાટે દીલસે મે ગઇરે, મેતો બોલુ અબોલા બોલ, સાધુ,
ઘુઘટ કાઢી ચોદસ નીરખુ, મારી સુરતા કરતી ઘાટ
ફગવા દોનીરે. બ્રીજ. ૧

ઝુલતી ઝોકે જો ખાતી, સુધ રે ગઈ રે સાન, સાધુ,
મસ્ત ભઈ બાથા ભરૂ રે, મને કાંઈ ના વાંપે કમ;
ફગવા દોનીરે બ્રીજ. ૨

પ્રેમ પીચકારી છુટીઓરે, મુને લાગી છે ચીત માહી, સાધુ,
પુજાના સ્વામીના ચરણે પડીરે, મુને દેખાડો વિસ્તાર,
ફગવા દોનીરે. બ્રીજ. ૩

રસુલે—અરબીં

ઉર્ફે

[હઝરત મોહંમદ પેગમ્બર સલ્લઅમ.]

લેખક

માંગરોલની પીરની ગાદીના સજ્જાદાનશીન

પીર મોટામીયાં કાયમુદ્દીનમીયાં સાહેબ.

ઈસ્લામના મહાન સરદાર નબીએકરીમ હઝરત મોહમદ મુસ્તુફા સલ્લઅમનુ નુ મુબારક વૃતાત સરળ ભાષામાં આપવામા આવ્યુ છે. એના સબંધમા મોટા મોટા વિદ્વાનો અને જાહેર પેપરોના સખ્યાબધ સારા અભિપ્રાયો મલ્યા છે. દરેક ઈસ્લામી બીરાદરે ખરીદવા અને સગ્રહ કરવા યોગ્ય છે કાગળ સારા સોનેરી અક્ષરોવાળુ પાકુ પુઠુ, કીંમત રૂ ૧–૪–૦

વી૦ પી૦ ખર્ચ ૩ આના જુદુ.

આ પુસ્તક મલવાનુ ઠેકાણુ –

માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ

અધીપતિ "**વનિતા વિનોદ.**"

મુ. કડી (બરોડા સ્ટેટ)

ઈસ્લામી નીતિ શાસ્ત્ર.

લેખક

પીરજાદા મોટામીયાં કાયમુદીનમીયાં ચિસ્તી.

માંગરોલની પીરની ગાદીના સજ્જાદાનશીન અને

કડીના શહેર કાજી

બીજી કોમના લોકો તરફથી મુસલમાનો માટે મ્લેચ્છ, યવન વિગેરે હલકા શબ્દો વાપરવામાં આવે તે કેટલે દરજ્જે વ્યાજબી છે તે દેખાડી આપવા તેમજ ઈસ્લામ તલવારના જોરથી ફેલાયલો છે, એવી ગેરસમજુત કેટલેક ઠેકાણે જોવામા આવે છે તે દુર કરવા આ પુસ્તકમા પીર સાહેબે ઘણી કોશીશ કરી છે કીં. રૂ ૦-૧-૦

મગવાનુ ઠેકાણુ—

પ્રગટ કર્તા—માસ્તર કાસમભાઈ સુલેમાનભાઈ

અધીપતિ 'વનિતા વિનોદ'

મુ૦ કડી-બરોડા સ્ટેટ.